મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૭ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૧ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગરની પારૂલ પરમારને વધુ બે સુવર્ણચંદ્રક

કોરિયા ખાતે રમાયેલી વર્લ્ડ પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં પારૂલ પરમારે દેશનું નામ રોશન કર્યું : ભારતીય ખેલાડીઓએ ૧૦ મેડલ્સ જીત્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના ગૌરવ સમાન અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડી પારૂલ પરમારે ફરી એકવાર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતને ગૌરવ અપાવ્યું છે. તાજેતરમાં કોરિયા ખાતે યોજાયેલ બી.ડબલ્યુ.એફ. વર્લ્ડ પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં પારૂલ પરમારે બબ્બે ગોલ્ડ મેડલ જીતી તરખાટ મચાવ્યો છે. આ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ ૧૦ મેડલ્સ જીત્યા હતા જેમાં ૨ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ્સનો સમાવેશ થાય છે.

કોરિયાના ઉલ્સાન શહેરમાં તા. ૨૨થી ૨૬મી નવેમ્બર દરમિયાન યોજાયેલ બીડબલ્યુએફવર્લ્ડ પેરા બેડમિન્ટન ચેમ્પિનયશીપ-૨૦૧૭માં ગાંધીનગરની દિકરી પારૂલ પરમારે વુમન્સ સિંગલ્સ અને વુમન ડબલ્સમાં ગોલ્ડ મેડલ્સ પ્રાપ્ત કર્યા હતા. ફાઈનલમાં તેમણે વુમન સિંગલ્સમાં થાઈલેન્ડની ખેલાડી વોન્નાફટદિ કેમટમને ૨૧-૮ અને ૨૧-૧૭ના સ્કોરથી સીધા સેટોમાં પરાજય આપ્યો હતો. ડબલ્સની ફાઈનલમાં પારૂલ પરમાર અને જાપાનની અકિકો સુગીનોની

જોડીએ ચાઈનીઝ જોડી, ચેંગ હેફંગ અને મા હુઈહુઈને પણ સીધા સેટોમાં ૨૧-૧૬ અને ૨૧-૧૯થી પરાજય આપ્યો હતો. આંતરરાષ્ટ્રીય કક્ષાએ વધુ બે ગોલ્ડ મેડલ્સ સાથે પારૂલ પરમારે માત્ર ભારતનું નામ રોશન કર્યું નથી બલ્કે ગાંધીનગર શહેરનું નામ પણ વૈશ્વિક સ્તરે ગુંજતું કર્યું છે.

બીડબલ્યુએફ વર્લ્ડ પેરાબેડમિન્ટન ચેમ્પિયનશીપમાં ભારતીય પેરા ખેલાડીઓની ટીમે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. આ ટુર્નામેન્ટમાં મેન્સ સિંગલ્સ એસએલ-૩ કેટેગરીમાં મનોજ સરકારે અને મેન્સ સિંગલ્સ એસએલ-૪ કેટેગરીમાં તરૂણ ધિલ્લોને સિલ્વર મેડલ્સ જીત્યા હતા. આ ઉપરાંત પ્રમોદ ભગત, માનસી જોષી, ઉમેશકુમાર, રાજકુમાર અને રાકેશ પાંડે, માર્ક ધર્માઈ અને રાજા મગોત્રા તથા રૂહી શિંગાડેની જોડીએ બ્રોન્ઝ મેડલ્સ જીત્યા હતા. પારૂલ પરમારના પ્રદર્શનથી ગાંધીનગરના ખેલ રસિકોમાં આનંદનું મોજું પ્રસરવા પામ્યું છે.

આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી તંત્ર દ્વારા મતદારોમાં ઈવીએમ અને વીવીપેટ અંગે જાગૃતિ ફેલાવવા સમગ્ર રાજ્યમાં અભિયાન ચલાવવામાં આવી રહ્યાં છે. આ અભિયાનના ભાગરૂપે આજે સચિવાલયમાં સરકારી કર્મચારીઓ-અધિકારીઓ માટે ઈવીએમ-વીવીપેટનું નિદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધિક મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી લલિતભાઈ પાડલીયા તેમજ નાયબ સચિવ શ્રી એમ.એ.ગોરીયા તથા હસમુખભાઈ ઠક્કર તથા અન્ય અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહીને કર્મચારી-અધિકારીઓને ઈવીએમ તથા વીવીપેટ અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

છાલા ગામમાંથી ૩૮ લીટર દેશી દારૂ આરઆરસેલની ટીમે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં છેલ્લા એક માસમાં જ કરોડો રૂપીયાનો દારૂ પોલીસ તંત્રએ ઝડપી પાડ્યો છે. પોલીસની કામગીરીને પગલે બુટલેગરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ કરોડો રૂપીયાનો દારૂ ઝડપી પાડ્યો હતો. ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર આવેલ છાલા ગામની સીમમાંથી ૩૮ લીટર દેશી દારુ ઝડપી પાડી આરઆર સેલે કીરીટજી નાથાજી મકવાણા વિરૂધ્ધ કેસ ચિલોડા પોલીસ મથકે ગુનોં દાખલ કરી વધુ કાર્યવાહી શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આરઆર સેલની ટીમના સભ્યોમાં હેડ.કો. ડી.એ.પરમારને બાતમી મળી હતી કે છાલા ગામની સીમમાં ખેતરમાંથી દેશી દારૂની બાતમીને આધારે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા આરઆરસેલે ૩૮ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આરઆરસેલના અમરતભાઈ મેલાભાઈની ફરિયાદના આધારે ચિલોડા પોલીસ મથકે કીરીટજી નાથાજી મકવાણા ગામ સુખડ તા. પ્રાંતિજ, જિલ્લો-સાબરકાંઠા વિરૂધ્ધ ગુનોં નોંધી વધુ તપાસ પોલીસે શરુ કરી છે.

ગુમ થયેલ છે

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ પ્લોટ નં- ૨૯૫-૧ સૂર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા

મિતેશભાઈ અજીતભાઈ મહેતા ઉં.વ. ૩૮ કે જેઓ પાટનગર યોજના વિભાગ પાસે શકિત ઓટો ગેરેજ ચલાવે છે. ત્યારે મિતેષભાઈ ગઈકાલે બપોરે ૨ થી ૩.૩૦ કલાક દરમિયાન ગેરેજમાં કામ કરતા રાજુભાઈને થોડીવારમાં આવું છું તેમ કહીને કયાંક ચાલ્યા ગયેલ છે. મિતેષભાઈ પાસે રહેલ મોબાઈલ ફોન પણ બંધ આવે છે. ત્યારે પરિવારના સૌ સભ્યો ચિંતિત છે. મિતેષભાઈ કોઈ તમને કહી કહેશે નહી અને જે સમસ્યા તમારી હશે તેનો શાંતિથી ઉકેલ આવી જશે અને પરિવાર સભ્યો તમને ખુબ યાદ કરે છે.

@ગાંધીનગર

● એનડીઆરએફ દ્વારા ઈન્ટર-બેટલીન સ્વિમીંગ કોમ્પીટીશન, જીમખાના સે-૨૧ ખાતે ૩૦ નવેમ્બર સુધી યોજાશે.

વાતવાતમાં

● ગાંધીનગરની વિધાનસભા બેઠકો માટે ટિકિટ વાંચ્છુ ઉમેદવારોને ટિકિટ મળી તેમણે ટિકિટ મળે તે માટે રાખેલી બાધા-માનતા પહેલા પુરી કરવાનું મુનાસિબ માન્યું હતું. બાધા માનતા પુરી કરવા ઉમેદવારોએ વિવિધ ધર્મસ્થાનોની મુલાકાત લીધી હતી.

● ટિકિટ પ્રાપ્ત ઉમેદવારો પર તેમના શુભેચ્છકો તથા સમર્થકો દ્વારા અભિનંદન વર્ષા કરવામાં આવી હતી કેટલાક શુભેચ્છકોએ ઉમેદવારોના ઘરે રૂબરૂ મળી શુભેચ્છાઓ પાઠવી હતી જયારે મોટા ભાગના એ ફોન પર શુભેચ્છા આપવાના કારણે ઉમેદવારોના ફોન અત્યંત વ્યસ્ત રહ્યા હતા.

● જે ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે તેમાંથી કેટલાકને છેલ્લી ઘડીએ મેન્ડેટ મળ્યા છે તેથી હવે તેઓ તેમનું ચુંટણી કાર્યાલય કયાં રાખવું તેની ફિરાકમાં છે. ચુંટણી કાર્યાલય માટે ઉમેદવારો તથા તેમના કાર્યકર્તાઓ જગ્યા અને તેના ભાડાની તપાસમાં લાગેલા જોવા મળ્યા હતા.

ભાટ પાસે લગ્ન સમારોહમાંથી દાગીના ભરેલા પર્સની ચોરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર - ઈન્દીરાબ્રીજ માર્ગ પર ભાટ પાસે આવેલ શગુન પાર્ટી પ્લોટમાં યોજાયેલ લગ્ન સમારોહમાંથી અંદાજીત ૧.૯૦ લાખના દાગીના ભરેલું પર્સ ગણતરીની મિનીટમાં જ ચોરાઈ જવા પામ્યું છે. દાગીના ચોરાઈ જવાની જાણ થતા જ મહેમાનો ગભરાઈ જવા પામ્યા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ગાંધીનગર અમદાવાદ માર્ગ પર ભાટ પાસે આવેલ શગુન પાર્ટી પ્લોટમાં ગત્ તા.૧૪ નવેમ્બરના રોજ કુબેરનગરમાં રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા રામકૃષ્ણ ફોગામલના ભત્રીજાનો લગ્ન સમારંભ યોજાયો હતો. લગ્નની મોજ મહેમાનો માણી રહ્યા હતા. પરિવારજનો અને સ્નહીજનો સૌ કોઈ આનંદ કિલ્લોલ કરી રહ્યા હતા. ભોજન સમારોહ પણ ચાલી રહ્યો હતો. તે રામકૃષ્ણભાઈ ભોજન કરીને હાથ ધોવા માટે કે પાણી પીવા માટે ઉભા થયા તે દરમિયાન તેમની પાસે રહેલું પર્સની ચોરી થવા પામી હતી. ગણતરીની મીનીટોમાં જ પર્સ ચોરાઈ જતા તેઓ પણ અચંબામાં પડી ગયા હતા. ભત્રીજાને ગીફટ આપવા માટે લાવેલ અંદાજીત રૂ.૧.૯૦ લાખના દાગીના ચોરાઈ જવા પામ્યા હતા. ત્યારે લગ્ન સમારોહમાંથી સોના-ચાંદીના દાગીના ચોરનાર ટોળકી સક્રીય થઈ હોય તેવું લાગી રહ્યું છે. બનાવ અંગે રામકૃષ્ણ ફોગામલે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધાવતા પોલીસે ઝીણવટપૂર્વક તપાસ શરુ કરી છે.

વિદ્યાર્થીઓના પર્સનાલિટી ડેવલપમેન્ટ માટે વર્કશોપ

ગાંધીનગરના સે-૨૩ ખાતે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ દ્વારા તાજેતરમાં પર્સનાલિટી ડેવલપમેન્ટ એન્ડ કોમ્યુનિકેશન વિષયે ત્રિદિવસીય વર્કશોપ આયોજિત કરાયો હતો. આ વર્કશોપમાં એમએસસીના સેમેસ્ટર-૪ના ઓર્ગેનિક તથા એનાલિટીકલ કેમેસ્ટ્રીના અને બીએસસીના સેમેસ્ટર-૬ના તમામ વિદ્યાર્થીઓને રોજગારલક્ષી તાલીમ આપવામાં આવી હતી. કોલેજના આચાર્ય કેયુર શાહના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં જીનલ જોષી તથા તેમની ટીમ, સ્વાતિ શર્મા અને ડૉ. નેહા પટેલ વગેરે નિષ્ણાંતોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. વર્કશોપમાં ૨૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા ૧૭મી ડિસેમ્બરે સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૨૮

રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા નવા વર્ષમાં તા. ૧૭-૧૨-૨૦૧૭ને રવિવારના રોજ ૧૨.૩૦ થી ૪.૦૦ કલાકે સમાજના સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ડૉ. આંબેડકર હો, સે-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે જેમાં ગામો તથા શહેરમાં રહેતા સંસ્થાના તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ તથા પ્રમાણપત્રો આપવામાં આવનાર છે. સાથે સાથે હાલમાં ધો-૮થી ૧૨માં અભ્યાસ કરતાં તથા આ આયોજનમાં હાજર રહેનાર તમામ વિદ્યાર્થીઓને જીવનમાં સફળતા મેળવવા માટે ઉપયોગી પુસ્તકો જાગ્યા ત્યાંથી સવાર અને સફળાતનો કોઈ ઈજારો નથી આપવામાં આવશે. તા. ૧-૧૧-૧૬થી ૩૧-૧૦-૧૭ સુધીના સમયમાં સમાજના નિવૃત્ત થયેલા અધિકારી-કર્મચારીઓનું પણ સન્માન કરવામાં આવશે. આ અંગેની નામવાર માહિતી સંસ્થાના સભ્યો જે ગામોમાંથી મેળવી શકયા ન હોય તેમજ ગામોએ મોકલી ન હોય તેઓએ તા. ૭-૧૨-૨૦૧૭ સુધીમાં સંસ્થાના હોદ્દેદારો કરશનભાઈ પરમાર, (ભવસાગર સોસાયટી, જવાહરચોક-અમદાવાદ) કાલિદાસ બી. પરમાર (રહસ્ય સોસાયટી, શાહીબાગ), એન.એમ. મોઢવાડિયા (પીંપળજ) અને ચતુરાઈ કાલિદાસ પરમાર (જગજીવન સોસાયટી-પૂર્વ વિભાગ-કલોલ)નો સંપર્ક કરી માહિતી મોકલાવી આપવી. સંસ્થા દ્વારા ધો-૮ થી ૧૨માં ભણતા તમામ વિદ્યાર્થીઓ તથા ગામોના તમામ સભ્યોને અચૂક હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે.

સે-૧૭માં બે મકાનમાંથી રોકડ અને મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર પોલીસને જાણે તસ્કરો પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે. રાત્રી પેટ્રોલીંગ હોવા છતા તસ્કરો ચોરી કરીને પલાયન થઈ જાય છે. ગાંધીનગર શહેર દિન પ્રતિદિન ચોર ઈસમો માટે સોફટ ટાર્ગેટ બની રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. શિયાળાની કડકડતી ઠંડીમાં અને રાત્રીના અંધકારમાં ચોર ઈસમો ચોરીને અંજામ આપી જાય છે. ત્યારે શહેરીજનોમાં ચોરીના મામલે ભય ફેલાયો છે. ઘર બંધ રાખીને બહારગામ જતા નાગરીકો ખચકાટ અનુભવી રહ્યા છે. ત્યારે ગઈકાલે મોડીરાત્રે સેકટર-૧૭માં બ્લોક નં- ૧૧૦-૨ ખાતે રહેતા મનીષભાઈ દેસાઈ પોતાના ઘરનો દરવાજો આડો કરીને સુઈ ગયા હતા. તે સમયે રાત્રીના અંધકારમાં ચોરી ઈસમ ઘરમાં પ્રવેશીને તેઓનું પાકીટ અને લેડીઝ પર્સની ઉઠાંતરી કરીને અંદર રહેલા રોકડા રૂ.૬૦૦૦ ચોરી કરીને પર્સ ઘરની બહાર ફેંકી દીધુ હતું. તેવી જ રીતે બાજુના ઘરમાં રહેતા દિનેશભાઈ મકવાણાના ઘરમાંથી પણ મોબાઈલ ફોનની ઉઠાંતરી કરીને કોઈ ચોર ઈમસ પળવારમાં અદૃશ્ય થઈ ગયો છે. સેકટર-૧૭ જેવા ભરચક સેકટરમાં ચોરીનો બનાવ બનતા હાહાકાર મચી જવા પામ્યો હતો. બનાવ અંગેની જાણવાજોગ ફરિયાદ સેકટર-૨૧ પોલીસને આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે આજે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સ્થાપક પૂ. છનગભાના જીવન ચરિત્ર આધારિત આ વકતૃત્વ સ્પર્ધામાં ધોરણ-૮ના ૭ બાળકોએ ભાગ લઈ તેમના વકતવ્યો રજૂ કર્યા હતા.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ૧૦૦ વર્ષ પૂર્ણ કરવાની નિકટ છે ત્યારે આ સંસ્થાના આદ્યસ્થાપક પૂ. છગનભા દ્વારા પ્રારંભ કરાયેલ શિક્ષણની જયોત આજે હજજારો વિદ્યાર્થીઓના ભવિષ્યને અજવાળી રહી છે. આ સંસ્થાનો ભવ્ય ઈતિહાસ ઉજાગર થાય અને તેનાથી બાળકો અવગત થઈ પ્રેરણા મેળવે તે હેતુસર આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૧૯માં પ્રારંભ થયેલી આ સંસ્થાનો પાયો પૂ. છગનભાએ રોપ્યો હતો. તે સમયે પાટીદાર સમાજ અજ્ઞાનતા, અંધશ્રધ્ધા, બાળલગ્નો, વહેમ સહિતના કુરિવાજો અને ગરીબીમાં ફસાયેલો હતો ત્યારે પૂ. છગનભાએ આ દૂષણો સામે શિક્ષણનું હથિયાર ઉગામી સમગ્ર સમાજ અને રાષ્ટ્રનું ભલુ કરવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. માત્ર છ વિદ્યાર્થીઓથી 'કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ' શરુ કરેલી સંસ્થા આજે કડી સર્વ વિદ્યાલયના નામથી રાજયભરમાં મશહુર છે.

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં ધોરણઃ૮ના હાર્દિક રબારી, કુંજ રામી, માનસી રાવત, મંથન પ્રજાપતિ, નિરાલી પરીખ, પ્રેક્ષા પટેલ અને મોહિબ અનસારીએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે અરૂણાબેન પટેલે સેવાઓ આપી હતી. સ્પર્ધાના અંતે સુપરવાઈઝર અશોકભાઈ પટેલે વિજેતા સ્પર્ધકોના નામ જાહેર કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે પ્રેક્ષા પટેલ, દ્વિતિય ક્રમે નિરાલી પરીખ અને તૃતીય ક્રમે મંથન પ્રજાપતિ વિજેતા બન્યા હતા. સ્પર્ધાનું આયોજન અને માર્ગદર્શન અર્ચનાબેન દ્વારા કરાયું હતું.

એનડીઆરએફની ઈન્ટર બટાલિયન સ્વિમિંગ કોમ્પિટીશનનો પ્રારંભ

સ્પર્ધામાં કુલ ૧૪૫ તરણવીરોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૨૧ સ્થિત સચિવાલય જીમખાના ખાતે નેશનલ ડિઝાસ્ટર રિલિફ ફોર્સની છઠ્ઠી બટાલિયન દ્વારા આંતર બટાલિયન સ્વિમિંગ કોમ્પિટીશનનો સીઆરપીએફના કમાન્ડન્ટ જયંતકુમારના હસ્તે પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે એનડીઆરએફના કમાન્ડન્ટ આર.એસ. જૂન, દ્વિતિય કમાન અધિકારી એન.કે. પ્રસાદ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એનડીઆરએફની ઈન્ટર બટાલિયન સ્વિમિંગ કોમ્પિટીશન તા. ૨૮મી નવેમ્બરથી તા. ૩૦મી નવેમ્બર સુધી ચાલશે. જેમાં કુલ ૧૪૫ તરણવીરો ભાગ લઈ રહ્યા છે. આ તરણ સ્પર્ધામાં જુદી જુદી ૧૧ જેટલી ઈવેન્ટસનો સમાવેશ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે એનડીઆરએફ રાષ્ટ્રીય આપત્તિમાં કાર્યરત હોય છે. જેમાં પુર રાહત કાર્યોનો પણ સમાવેશ થાય છે. આપત્તિમાં બચાવ કાર્યો કરવા માટે અત્યંત શારિરીક તથા માનસિક ક્ષમતાની જરૂર પડે છે અને આ ક્ષમતા વધારવા માટે રમત ગમત ખૂબ ઉપયોગી નિવડે છે. આ સ્પર્ધાનો ઉદ્દેશ એનડીઆરએફના જવાનોમાં ટીમ ભાવના અને સ્પર્ધાત્મક કૌશલ્યનો વિકાસ કરવાનું છે.

ચિરવિદાય

● સ્વ. દેસાઈ કેશાભાઈ જોઈતાભાઈ, ઉ.વ. ૬૩